# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC 'A' (3.02) State University

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.–૨૧, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેકસ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


**પરિપત્ર ક્રમાંક : ૬૮ /૨૦૧૮**

**વિષય : યુનિવર્સિટી સંલગ્ન સેલ્ફ ફાયનાન્સ કોલેજો તથા સેલ્ફ ફાયનાન્સ વર્ગોમાં શૈક્ષણિક સ્ટાફની માન્યતા અંગે.**

આ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોમાં આચાર્ય,અધ્યાપક તથા ગ્રંથપાલની ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેઓની માન્યતા મેળવવા માટેની દરખાસ્ત યુનિવર્સિટીને મોકલવામાં આવે છે. અનુભવે એવું જણાયું છે કે,કોલેજો તરફથી શૈક્ષણિક સ્ટાફની માન્યતા માટે યુનિવર્સિટીને મળતી દરખાસ્તો અધૂરી અથવા ખામીયુક્ત હોઈ,બિનજરૂરી પત્રવ્યવહાર કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય છે અને તેના કારણે માન્યતાની કાર્યવાહી વિલંબિત થાય છે.

આથી, હવે પછી નીચે ક્રમાંક : ૧ થી ૧૩ મુજબના આધાર–પુરાવા સાથે જ કોલેજ કક્ષાએ પૂરતી ચકાસણી કર્યા બાદ માન્યતા માટેની દરખાસ્ત ઈન્ટરવ્યુ તારીખથી ૧૫ દિવસમાં યુનિવર્સિટીને મોકલવા સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા સંચાલક મંડળના પ્રમુખશ્રી/મંત્રીશ્રીઓને સૂચના આપવામાં આવે છે.

૧. પ્રોસેસ ફી (એક અધ્યાપક દીઠ ૫૦૦/– રૂ.)

૨. કોલેજનો ફોરવર્ડીંગ લેટર

૩. અધ્યાપક વર્ગમાં થતાં ફેરફાર અંગેનું ફોર્મમાં સંપૂર્ણ વિગતો સાથે ભરીને મોકલી આપવી.

૪. છેકછાક વગરની વરણી સમિતિની કાર્યનોંધ પ્રમુખશ્રી/મંત્રીશ્રીના સહિસિકકા સાથે પ્રમાણિત કરેલ હોવી જરૂરી છે.

૫. ઉમેદવારનો નિમણૂંક પત્ર

૬. ઉમેદવારનો સ્વિકૃતિ પત્ર

૭. ઉમેદવારનો હાજર રીપોર્ટ

૮. ઉમેદવારે ઈન્ટરવ્યુમાં બેસવા માટે કરેલ અરજીની નકલ

૯. ઉમેદવારના ડોકયુમેન્ટસ (એલ.સી.,જાતીનું પ્રમાણપત્ર,સ્નાતક,અનુસ્નાતકની તમામ પ્રયત્નોએ પાસ કરેલ ગુણપત્રકોની તથા પદવી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો તથા નેટ/સ્લેટ/પીએચ.ડી.પદવીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલો

૧૦. નિમણૂંક કરેલ ઉમેદવારના ગુણપત્રકો યુજીસી માન્ય કોલેજ/યુનિવર્સિટીના છે કે નહી તથા અનુભવના સર્ટિફીકેટ ચકાસીને કોલેજના પ્રમુખશ્રી/મંત્રીશ્રી ધ્વારા પ્રમાણિત કરીને માન્યતા ફાઈલ સાથે રજૂ કરવા.

૧૧. હિન્દી માધ્યમ/અંગ્રેજી માધ્યમમાં શરૂઆતથી અભ્યાસક્રમ કરેલ કે પર–પ્રાંતિય શિક્ષક જે તે વિષયમાં આપની કોલેજમાં ચાલતાં માધ્યમમાં અધ્યાપનકાર્ય કરી શકે છે, તે મતલબનો અધ્યાપકનો તથા ટ્રસ્ટ/મંડળનો બાંહેધરીપત્ર રજૂ કરવો.

૧૨. દરેક ફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરવી તથા વેબસાઈટ www.ngu.ac.in પર બધા ફોર્મ મેળવી લેવા.

૧૩. નિમણૂંક પામનાર આચાર્ય કે અધ્યાપક અગાઉ જે કોલેજ/સંસ્થામાં નોકરી કરતાં હોય તેમણે નિયમાનુસાર રાજીનામાની પ્રક્રિયા પૂર્ણ કરેલ હોય તો તેના આધાર–પુરાવા મૂકવા.

**કા.કુલસચિવ**

નં.એકે/માન્યતા/ ૭૨૫ /૨૦૧૮
તારીખ ૧૨ /૦૬/૨૦૧૮

**પ્રતિ,**

૧. આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ,
૨. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી,હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૩. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૪. નાયબ કુલસચિવશ્રી, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૫. જોડાણ અને પ્રવેશ પ્રશાખા,એકેડેમિક વિભાગ, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૬. સિસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર (રીઝલ્ટ) સેન્ટર, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, **પાટણ (વેબસાઈટ પર મૂકવા સારૂ)**